# 18th

# ANNUAL REPORT

# ALL MEMON WELFARE CO-OPERATIVE HOUSING SOCIETY LIMITED

## 1-7-1988 to 30-6-1989

## ઓલ મેમણ વેલ્ફેર કો-ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લીમીટેડ

## ૧૮મો વાર્ષિક ઓડિટ હિસાબ-કિતાબ

☆

Published by :
**MANAGING COMMITTEE**
**All Memon Welfare Co-operative Housing Society Ltd.**

Registered Office :
247, Sunny Plaza, 2nd Floor,
Hasrat Mohani Road, Karachi.
Phone : 21 75 90

CamScanner

Phone: 217590

# All Memon Welfare Co-op. Housing Society Limited

247,SUNNY PLAZA, 2ND FLOOR
Hasrat Mohani Road, New Challi, Karachi.

Ref: 786(99)AGM-18/609/89 Karachi Dated 27th Nov. 1989.

NOTICE FOR 18TH ANNUAL GENERAL BODY MEETING
AND ANNUAL GENERAL ELECTION FOR 1989-90.

EIGHTEENTH(18TH) ANNUAL GENERAL BODY MEETING AND ELECTION FOR THE YEAR 1989-90 OF ALL MEMON WELFARE COOP.HOUSING SOCIETY LTD., KARACHI, WILL BE HELD ON FRIDAY THE 5TH JANUARY, 1990 AT 10.30 A.M. AT GHAUSIA HALL RANCHORE LANE, KARACHI.

FOLLOWING AGENDAS WILL BE TRANSACTED AT THE ANNUAL GENERAL BODY MEETING:

All Plot Holders of the Society are requested to attend the meeting.

AGENDA : (0-0) TILAWAT-E-QURAN.

ITEM NO.1 To read and confirm the Minutes of the last 17th Annual General Body Meeting of the Society held on 14th Oct. 1988.

ITEM NO.2 To approve & confirm the Annual Report of the activities of Managing Committee for the year 1988-89 ended on 30th June, 1989.

ITEM NO.3 To approve & confirm the Audited Accounts of the Society duly audited by the Chartered Accountants for the year 1988-89 ended on 30th June, 1989.

ITEM NO.4 To appoint Auditor for the year 1989-90 and to fix their remunerations.

ITEM NO.5 To elect One President and 6 (six) Committeemen for 1989-90 as per Bye-Laws No. 47(a) of the Society:

(Retiring President Mrs. Ishrat Hanif Motiwala and Committeemen namely: (1) Mr. Ali Mohd Piprani, (2) Mr. Iqbal Ismail Mangrolwala, (3) Mr. Ali Mohd Maya, (4) Mr. Hanif Haji Ayyub, (5) Mr. Abdul Aziz Suleman, (6) Mr. Younus Ibrahim Andha).

ITEM NO.6 Any other matter of which a Notice is given to the Committee, not less than 14 days before the Annual General Body Meeting.

NOTES:

1. In case the meeting is adjourned for want of QUORUM OR because of Agendas remain un-finished, the Adjourned meeting will be held on FRIDAY, the 12th of January, 1990 at the same time and place.
2. Any member wishing to move any resolution, should submit the resolution text duly proposed and seconded in the Society Office during office hours at least 14 days before the Annual General Body Meeting.

(HANIF HAJI AYYUB )
HONY. GENERAL SECRETARY
FOR ALL MEMON WELFARE COOP.
HOSUING SOCIETY LIMITED.

CS CamScanner

# ઓલ મેમણ વેલ્ફેર કો-ઓપરેટીવ

# હાઉસીંગ સોસાયટીના

## પ્રમુખ

## મોહતરેમા ઈશરત હનીફ મોતીવાલાની



## ત ક રી ર

માનવંતા સભ્યો,

ભાઈઓ તથા બહેનો,

અસ્સલામો અલયકુમ,

આપણી સંસ્થાની આ અઢારમી વાર્ષિક સામાન્ય સભા પ્રસંગે હું આપ સૌને આવકાર આપતા બેહદ ખુશીની લાગણી અનુભવું છું. અને અલ્લાહનો બેહદ આભાર માનું છું.

આપ સાહેબો સતત પાંચ વર્ષથી આપણી સંસ્થાના પ્રમુખપદે ચુટીને મને જે ખિદમતનો મોકો આપ્યો છે તે બદલ હું આપ સૌની શુક્રગુઝાર છુ.

આપ જાણો છો કે આજથી પાંચ વર્ષ પહેલાં જયારે આપણી સોસાયટીનો અમે કબજો મેળવ્યો તે પહેલાં આ સોસાયટીમાં અંધેર અને અવયવસ્થા પ્રવર્તેલી હતી. સોસાયટીને ઘણીએ સમસ્યાઓ અને મુશ્કેલીઓનો સામનો કરવો પડયો હતો પરંતુ અલ્લાહ રબ્બુલ ઇઝ્ઝતના ફઝલો કરમથી, આપ ભાઇઓ દુઆઓ અને સાથ સહકારથી સોસાયટીને મુશ્કેલ પરિસ્થિતિમાંથી બહાર કાઢવાના પ્રયાસોમાં અમને કામ્યાબી મળી, એટલું જ નહિ બલ્કે સોસાયટીની પ્રવૃતીઓ વેગવંત બની, હવે તેની આર્થિક સ્થિતી સધ્ધર થઇ ગઇ છે અને સોસાયટીની પ્રતિષ્ઠામાં પણ વધારો થયો છે.

અહિં આ વાતનો ઉલ્લેખ કરવો જરૂરી સમજું છું કે તા. ૧૪, નવેમ્બર ૧૯૮૯ના દિવસે ઉજવવામાં આવેલા આંતરરાષ્ટ્રિય સોસાયટી ડે. ઓ. ડે. નિમીત્તે રજીસ્ટ્રાર સિન્ધ કો-ઓપરેટિવ સોયાયટી તરફથી સિન્ધની તમામ સોસાયટીઓમાંથી સ્પીકર તરીકે મારી નિમણુંક કરવામાં આવી હતી જેને હું આપણી સોસાયટીનુ માનસન્માન સમજું અને આપણી સોસાયટીની ઇઝ્ઝત અફઝાઇ એ આપણા સૌની ઇઝ્ઝત અફઝાઇ છે.

પરંતુ આ ઘણાંજ અફસોસની સાથે કહેવું પડે છે કે આપણા અમુક સભ્યો સોસાયટીને દિન-બ-દીન મળી રહેલી તરક્કી અને ઇઝ્ઝતને નુકસાન પહોંચાડવાના કામમાં લાગેલા છે. હું આ પ્રસંગે તેની ખેદ સહીત નોંધ લેતાં આપણી સોસાયટીની પ્રતિષ્ઠાને હાની પહોંચાડતા તત્વોથી ચેતતા રહેવાનો આપને નિર્દેશ કરી

CamScanner

દેવો મારી ફરજ સમજું છું. સોસાયટીની સેવાપ્રવૃતીઓ અને વેલ્ફેરના કામોને અંગત લાભ ખાતર નુકસાન પહોંચાડનારાઓ, ફકત મારૂં કે મેનેજીંગ કમિટીનું જ નહિ પુરી સોસાસોયટીનું નુકસાન કરી રહ્યા છે તમામ પ્લોટ હોલ્ડરોનું નુકસાન કરી રહ્યા છે. અને સોસાયટીને મળેલી ઇઝઝત અને નામનાને ધુળમાં મેળવી રહ્યા છે. તેમના આ નુકસાનકર્તા પ્રયાસોની તપાસ થવી જરૂરી છે. જે માટે હું આપ મેમ્બર ભાઇઓનો સાથ સહકાર ઇચ્છું

કોમી ખિદમતનો કામો હમેશા ખુલુસ, નેકનીય્યતી અને આપસના સાથ સહકારથી અંજામ અપાય છે. હું અલ્લાહ રબ્બુલઇઝઝતથી દુઆગો છું કે આપણી સોસાયટી દિન-પ્રતિ-દિન તરક્કીની મંઝિલ પર ગામઝન રહે અને તેને જે ઇઝઝત પ્રાપ્ત થઇ છે તે કાયમ રહે તેમજ કોમી ભાઇચારા અને એકતાનું વાતાવરણ આપણી સોસાયટીમાં કાયમ રહે. જેમાં આપણા સૌની અને આપણી સોસાયટીની ઇઝઝત અને આબરૂ રહેલી છે. અને અલ્લાહને પણ તે જ પસંદ છે.

જાણીતા મેમણ અગ્રેસર જનાબ આ ગફાર હાશિમ મોતીવાલાનો હું ઘણોજ આભાર માનું છું, જેમણે અવારનવા સોસાયટીના કામોમાં રસ દાખવી અને ભરપુર સાથ સહકાર આપ્યો છે,

સંસ્થાની અન્ય પ્રવૃતીઓ વિશે માનદ મંત્રી જ. મો. હનીફ હાજી અય્યુબે દર્શાવેલી વાતોનું હું પુનરાવર્તન કરવા નથી ઇચ્છતી આપ સૌના સાથ સહકાર બદલ અંતકરણ પુર્વક આભાર માનું છું.

ખુદા હાફિઝ

ઇશરત મો. હનીફ મોતીવાલા

પ્રમુખ

# آل میمن ویلفیئر کوآپریٹیو ہاؤسنگ سوسائٹی کی صدر محترمہ عشرت محمد حنیف موتی والا کی صدارتی تقریر



معزز ممبران ، بھائیو اور بہنوں!

السلام علیکم

ہماری سوسائٹی کی اٹھارویں سالانہ جنرل میٹنگ کے موقع پر مجھے آپ سب کا خیر مقدم کرتے ہوئے دلی مسرت محسوس ہو رہی ہے جس کے لئے میں خود رب العزت کی شکر گزار ہوں۔

آپ حضرات نے مجھے مسلسل پانچ سال سے ہمارے اس ادارے کا صدر منتخب کر کے خدمت کا موقع فراہم کیا ہے۔ اس کے لئے میں آپکی ممنون ہوں

جیسا کہ آپ جانتے ہیں کہ آج سے پانچ سال قبل ہم نے ہماری اس سوسائٹی کا قبضہ سنبھالا تھا، اس سے پہلے سوسائٹی اندھیر اور بدنظمی سے دوچار تھی۔ سوسائٹی کو بے شمار مسائل اور مشکلات کا سامنا کرنا پڑا تھا۔ اللہ رب العزت کے فضل وکرم سے اور آپ بھائیو کی دعاؤں اور تعاون سے سوسائٹی کو اس مشکل بحران سے باہر نکالنے میں ہمیں کامیابی حاصل ہوئی۔ اتنا ہی نہیں بلکہ سوسائٹی کی سرگرمیاں تیز تر ہوئیں اور اقتصادی حالات بہتر ہوئے اور ساتھ ہی ساتھ سوسائٹی کے عزت اور وقار میں اضافہ ہوا۔

اس ضمن میں اس بات کا تذکرہ کر دینا ضروری سمجھتی ہوں کہ ۱۴ نومبر ۱۹ ۱ء کے دن بین الاقوامی سوسائٹی کو آپریٹیو ڈے منایا گیا تھا۔ اس میں رجسٹرار سندھ

کوآپریٹیو سوسائٹی کی جانب سے سندھ بھر کی تمام سوسائٹی میں سے وہاں اسپیکر کی حیثیت سے مجھے منتخب کیا گیا تھا۔ اس اعزاز کو میں ہماری سوسائٹی کا اعزاز سمجھتی ہوں۔ ہماری سوسائٹی کی عزت افزائی ہم سب کی عزت افزائی ہے۔

مجھے افسوس کے ساتھ کہنا پڑتا ہے کہ ہمارے چند ممبران سوسائٹی کو جو بتدریج ترقی اور عزت مل رہی ہے اسے نقصان پہنچانے کے کام میں مصروف ہیں۔ اس موقع پر اس بات کا تذکرہ کرتے ہوئے میں سوسائٹی کی عزت کو نقصان پہنچانے والے عناصر سے آپ کو آگاہ کردینا اپنا فرض سمجھتی ہوں۔ سوسائٹی کے رفاہی اور فلاحی سرگرمیوں کو اپنے ذاتی مفاد کی خاطر نقصان پہنچانے والے نہ صرف میرا یا مینیجنگ کمیٹی کا ہی نہیں بلکہ پوری سوسائٹی کو نقصان پہنچا رہے ہیں۔ تمام مالکان پلاٹ کا نقصان کررہے ہیں اور سوسائٹی کی عزت کو خاک میں ملانے کے درپے ہیں، جنکا محاسبہ ہونا چاہیئے۔ میں آپ ممبر بھائیوں کا اس معاملے میں پورا تعاون چاہتی ہوں۔

قومی خدمت کے کام ہمیشہ خلوص، نیک نیتی اور باہمی مفاہمت اور تعاون سے انجام دیئے جاتے ہیں۔ میں اللہ تعالیٰ سے دعاگو ہوں کہ ہماری سوسائٹی مسلسل ترقی کی منزل پر گامزن رہے اور اسے جو عزت اور شہرت حاصل ہوئی ہے وہ برقرار رہے ساتھ ہی ساتھ قومی یکجہتی کا ماحول سوسائٹی میں قائم رہے۔ جس میں ہم سب کا اور سوسائٹی کی عزت اور وقار شامل ہے۔ خداوند کریم کو بھی یہ ہی پسند ہے۔ سوسائٹی کی دیگر سرگرمیوں کے متعلق اعزازی سکریٹری جناب محمد حنیف بوبیا صاحب نے اپنی تقریر میں جو روشنی ڈالی ہے اسکو دہرانا مناسب نہیں سمجھتی ہوں آپ سب لوگوں کے بھرپور تعاون کا میں تہ دل سے شکریہ ادا کرتی ہوں۔

شکریہ خداحافظ



# ઓલ મેમણ વેલ્ફેર કો-ઓપ હાઉસીંગ સોસાયટી લી.
## ની મેનેજીંગ કમેટી વતી માનદ મંત્રી
## જનાબ મો.હનીફ ઐયુબ ખુમ્બીયાએ
## રજુ કરેલો સંસ્થાનો ૧૯૮૮/૮૯ના
## વર્ષનો ઓડીટ હિસાબ કિતાબ તથા પ્રવૃતીઓનો અહેવાલ

માનવતા પ્રમુખ સાહેબ

કારોબારી કમિતીના માનનીય સભ્યો

મોહતરમ પ્લોટ હોલ્ડરો, ભાઇઓ તથા બહેનો,
અસ્સલામો અલયકુમ

અલ્લાહતઆ.લાના ફઝલો કરમથી આજે આપણે આપણી સોસાયટીની અઢારમી વાર્ષિક સભામાં એકઠા થયા છીએ આ પ્રસંગે સોસાયટીનો ગત વર્ષનો હિસાબ કિતાબ અને પ્રવૃતીઓનો અહેવાલ આપની સમક્ષ રજુ કરતા ખુશી અને સંતોષ અનુભવું છું.

### ચુંટણીઓ :

એ જણાવતા આનંદ થાય છે કે ૧૯૮૩થી આપણી સંસ્થા નિયમીત રીતે વાર્ષિક પ્રવૃતીઓ અને હિસાબ કિતાબ રજુ કરવા વાર્ષિક સભા યોજાતી રહી છે. ગયા વર્ષે ૧૪, ઓકટોબર ૧૯૮૮ના રોજ મળેલી સભામાં સતત પાંચવી વાર મોહતરમાં ઇશરત મો. હનીફ મોતીવાલા જેવી સુશિક્ષીત અને અનુભવી પ્રમુખને બિન હરિફ ચુંટવામાં આવેલ હતા અને કુશળ કાર્યકરો

(૧) જ. અ. ગની છપગ
(૨) જ. ગુલામ હુસેન હબીબ
(૩) જ. અ. રઝાક હાજી મોહમદ
(૪) જ. અ. સતાર સુલેમાન
(૫) જ. યુસુફ મેમણને પણ મેનેજીંગ કમિટીના સભ્યો તરીકે બીન હરીફ ચુંટવામાં આવ્યાં હતા.

### ચુંટણી કમીશન

૧૯૮૩થી જ. હાજી મો. ઉમર ઇસાણી સાહેબ માનદ ઇલેકશન કમીશ્નર તરીકે પોતાની સેવાઓ આપી રહયા છે તેમની સેવાઓ બદલ અમે તેમના આભારી છીએ આ વર્ષે પણ ચુંટણી કમીશ્નર તરીકે તેઓની નિમણુંક કરવામાં આવી છે.

### સોસાયટીના કામના કલાકો :

સોસાયટીના પ્રથમ પાંચ વર્ષ સુધી સોસાયટીના પબ્લીક ડીલીંગનો સમય ફક્ત સાંજના મગરીબ પછી એક કલાક રાખવામાં આવ્યો હતો જેથી આપણા મેમ્બર ભાઇઓને ખાસ કરીને સ્ત્રીઓ અને મોટી વયના વયોવૃધ્ધ શખ્શોને ઘણી બધી તકલીફ થતી હતી અને તે કારણે મેમ્બરોના પ્લોટોની કામગીરીને વિલંબ થતો હતો સભ્યોની આ તકલીફને મદે-નઝર રાખીને સભ્યોની સગવડ માટે અમે સોસાયટીના એ કામકાજનો સમય હવેથી સવારના ૧૦ વાગ્યાથી સાંજના ૬ વાગ્યા સુધીનો રાખ્યો છે.

### ડેવલપટમેન્ટ વર્ક

અહેવાલવાળા વર્ષે ડેવલપમેન્ટનું કામકાજ પુરૂં કરવાનો કાર્યક્રમ હતો પરંતુ વરસાદ અને સયલાબના કારણે આ કાર્ય આગળ ધપાવવામાં કેટલીક અડચણ નડી હતી તેમ છતાં આ વર્ષના અંત સુધીમાં

CS CamScanner

ડેવલપમેન્ટનો બાકી રહેતો કામકાજ ઇન્શાઅલ્લાહ સરૂ કરી દેવામાં આવશે આ સંબંધી વિગતવાર અહેવાલ આપની સમક્ષ ડેવલપમેન્ટ કમિટીના કન્વીનર અને સંસ્થાના ઉપપ્રમુખ જ. મોહંમદ ઇકબાલ માંગરોલવાલા રજુ કરશે તેમને સોંપાએલી આ જવાબદારીને તેઓએ ખરી લાગણી અને ધગશથી અંજામ છે. જો દાદપાત્ર છે આ વર્ષ ડેવલપમેન્ટનો કામકાજ પુર્ણાહુતી પર પહોંચતાં અલ્લાહનો કુમમ બવતી વહેલી તકે અમે તમને પ્લોટોનો કબ્જો આપી શકશું.

## ટ્રાન્સફર :

પહેલા પ્લોટ ટ્રાન્સફર માટે સભ્યોને વારંવાર ધક્કા ખાવા પડતા હતા અને પારાવાર હાડમારી ભેગવવી પડતી હતી સંસ્થા તરફથી સભ્યો માટે સરળ ટ્રાન્સફર પધ્ધતી શરૂ કરાયા પછી આ હાડમારીથી મેમ્બરોને રાહત મળી છે. મેમ્બરોને આ પધ્ધતી સમજાવ્યા પછી ટ્રાન્સફરનું કામકાજ સારી રીતે અંજામ અપાઇ રહયું છે.

## પાણીનો કનેકશન :

આપણે વોટર લાઇન માટે કે. ડી. એ ને જે અરજી કરી હતી તે ત્યાંથી ગુમ થઇ જવાના કારણે આ કામમાં અણધાર્યો વિલંબ થયો હતો. પાછલા વર્ષ તેના પ્રત્યે કશું ધ્યાન આપવામાં નહોતું આવ્યું પરંતુ અમને એ જણાવતા ખુશી થાય છે કે ઘણી જ મહેનત અને કોશીશ પછી મજકુર ફાઇલ શોધી કઢાવવામાં સફળ થયા છીએ અને હવે તે ફાઇલ પર કામકાજ આગળ વધી રહયું છે.

## સંસ્થાની નાણાકિય સ્થિતિ :

આ રિપોર્ટની સાથે અપાએલા સંસ્થાના ખર્ચની આવક જાવકના સ્ટેમેન્ટ પ્રત્યે હું આપનો ખાસ ધ્યાન દોરૂં છુ. અહેવાલવાળા વર્ષે સોસાયટીની ઇન્ટ્રેસની આવક રૂા. ૫.૧૦,૦૦૦/- (રૂપીયા પાંચ લાખ દસ હજાર)ની હતી જ્યારે પાછલા વર્ષે રૂા ૨,૧૧,૦૦૦ (રૂપીયા બે લાખ અગ્યાર હજાર) જેટલી હતી. પાછલા વર્ષે ખર્ચ ખાતેની કુલ રકમ રૂા. ૩.૦૪.૦૦૦/- જેટલી હતી જ્યારે આ અહેવાલવાળા વર્ષે ખર્ચ ખાતે કુલ રકમ ૨.૪૩,૦૦૦/- આપેલ છે પાછલા વર્ષ નેટ ઇન્કમ રૂા. ૧૦,૦૦૦/– જેટલી થઇ હતી જ્યારે આ વર્ષે રૂા. ૩.૬૭,૦૦૦/–ની આપણને નેટ ઇન્કમ થયેલ છે. (હિસાબ કિતાબમાં આપેલા કમ્પેરહનસીવ સ્ટેટમેન્ટથી આપ જોઇ શકો છો કે આપણી સંસ્થામા થતા ફુઝુલ ખર્ચ પર કાપ મુકવામા આવેલ જેના કારણે સોસાયટીની આવકમાં વધારો થયો છે, ગયા વર્ષે પનલ્ટી ખાતે રૂા, ૩૧,૦૦૦/– વસુલી કરવામાં આવી હતી. જયારે ચાલુ વર્ષે રૂા. ૯,૦૦૦/–ની વસુલી કરવામાં આવી છે. કારણ કે પારાવાર મોંઘવારીના આ જમાનામાં ઘણા જણ પૈસાની ચુકવણી સમયસર કરી શકેલ નથી સોસાયટીએ તેમની તકલીફોને નજર સમક્ષ રાખીને પનલ્ટીમાં નરમી વર્તેલ છે જેના કારણે પેનલ્ટીની આવક ઓછી થયેલ છે.

## આભાર દર્શન :

અંતમાં હું આપણી સોસાયટીને હમેશા સાથ સહકાર આપનારા આપણા કોમી અગ્રેસરો ખાસકરીને આપણી કેન્દ્રીય સંસ્થા ઓલ પાકિસ્તાન મેમણ ફેડરેશનના માનવંત પ્રમુખ જનાબ હાજી હનીફ તૈયબ જ, હાજી ઇબ્રાહીમ પાકોલાવાલા, જ. હાજી આ ગફાર કાસમ લોધીકાવાલા, જ. હાજી નુરમોહંમદ ઉરસવાલા જ. મોહમદ સીદીક પોલાણી વગેરે સાહેબોનો હું મારા તરફથી અને સંસ્થા તરફથી અંતકરણપુર્વક આભાર માનું છું તેમજ મેમણ અગ્રેસર અને અમારા વડીલ જ. અ. ગફાર હાશમ મોતીવાલા સાહેબ જે નિસ્વાર્થ સાથ સહકાર આપ્યો છે. તેમનો પણ હું ઘણો જ આભારી છું. ઉમ્મીદ છે કે તેઓ ભવિષ્યમાં પણ આપણી સંસ્થાને સાથ સહકાર અને માર્ગ દર્શન

આપતાં રહેશે. એ સિવાય આપણી સંસ્થાનાં કાબિલ પ્રમુખ મીસીસ ઇશરત મો. હનીફ મોતીવાલાએ પોતાની ઘણી બધી મશરૂફીયતો છતાં સંસ્થાના કામકાજ માટે મારાથી ભરપુર સાથ સહકાર આપેલ અને અવારનવાર યોગ્ય માર્ગદર્શન આપતાં રહયાં છે એ બદલ તેમનો બેહદ શુક્રગુઝાર છું. ઉપરાંત ઉપ પ્રમુખ જ. મો ઇકબાલ ઇસ્માઇલ માંગરોળવાળા જેમણે પોતાનો કિમતી સમય આપીને સહકાર કરેલ છે.

ફાઇનાન્સ કમિટીના કન્વીનર જ. અલીમોહમદ માયા, (ચારટર્ડ એકાઉન્ટન્ટ) અને આપણી મેનેજીંગ કમિટીના સભ્યો, ઓફિસ સેક્રેટરી જ. સલીમ અખ્તર અને ઓફિસ સ્ટાફનો તથા સાથ સહકાર આ આપના સૌનો દિલી આભાર માનું છું.

અંતમાં સંસ્થાના સૌ સભ્યો અને આ સભામાં હાજરી આપનારા સૌ બિરાદરોનો બેહદ શુક્રગુઝાર છું અલ્લાહતઆલા આપણને સૌને કોમી સેવનો પુરખુલુસ જઝબો અને કોમી એકતા જાળવાની નેક તોફીક અર્પણ કરે એવી મારી અંતર ઉંડી દુઆ છે આમીન;

# آل میمن ویلفیئر کوآپریٹیو ہاؤسنگ سوسائٹی کے نائب صدر اور ڈویلپمنٹ کمیٹی کے کنوینر جناب محمد اقبال مانگرول والا کی

# تقریر



صدر محترم اور معزز ممبران!

السلام علیکم

آپ لوگوں نے صدر صاحبہ محترمہ عشرت محمد حنیف موتی والا اور محترم جنرل سکریٹری سب کی تقریریں غور اور توجہ سے سنیں، ان کی مفصّل تقریروں کے بعد مزید کچھ کہنے کی گنجائش باقی نہیں رہی۔

مجھے نہ صرف نائب صدر بلکہ کنوینر ڈویلپمنٹ سب کمیٹی اور کنوینر ٹرانسفر سب کمیٹی کی دوہری اور اہم ذمہ داری سونپی گئی تھی۔
میں اللہ تعالیٰ کا شکر گزار ہوں کہ اس نے مجھے فرض کی ادائیگی کے دوران ثابت قدم رکھا اور اپنی ذمہ داری سے سرخرو کیا۔

ترقیاتی کاموں کے متعلق میں آپ کو مختصراً بتاتا چلوں کہ سائٹ پر پانی کی فراہمی نہ ہونے کے باعث مزید ترقیاتی کام شروع نہیں کیا جاسکا۔

اب قوی اُمید ہے کہ جلد ہی حکومت اسکیم نمبر 33 میں پانی کے کنکشن کی فراہمی منظور کرلے گی اسلئے پانی کے کنکشن ملتے ہی جو ترقیاتی کام رُکے ہوئے تھے وہ فوری طور پر مکمل پلاننگ کے ساتھ شروع کردیئے جائیں گے۔

CamScanner

جنگل کلیننگ ہم ضرورت کے مطابق وقتاً فوقتاً کرواتے رہتے ہیں اور بفضل تعالیٰ سوسائٹی حفاظت کے معقول انتظام کے باعث ناجائز قابضین سے مکمل طور پر محفوظ رہی۔

وقتاً فوقتاً سائیٹ کے دورے کرنا اور بوقت ضرورت سائیٹ پر مینیجنگ کمیٹی کو معائنہ کی دعوت دیکر ان کو ترقیاتی کاموں کی پوری تفصیل دیتا رہا۔

میں آپ کو یہ یقین دلاتا ہوں کہ اللہ تعالیٰ کے فضل وکرم سے میں نے اپنی تمام صلاحیتوں کو بروئے کار لاتے ہوئے سوسائٹی کی خدمات میں کبھی کوتاہی نہیں برتی۔

ترقیاتی کام کرنا، کسی ایک شخص کے بس کی بات نہیں اس کیلئے اجتماعی کوشش کی ضرورت ہوتی ہے۔ میں قطعی طور پر یہ دعویٰ نہیں کرتا کہ میں نے کوئی بڑا کارنامہ انجام دیا ہے لیکن اس سلسلے میں مجھ سے جو کچھ ہوسکا اس میں اگر تمام عہدیداران اور ممبران مینیجنگ کمیٹی کا تعاون حاصل نہ ہوتا تو میں شاید یہ کام خوش اسلوبی سے انجام نہ دے سکتا۔

میں بارگاہ خداوندی میں ہماری سوسائٹی کی ترقی کے لئے دعا گو ہوں اور آپ سب حضرات کا تہ دل سے شکر گزار ہوں۔

شکریہ

# Office Bearers & Members of the

# Managing Committee

# 1988-89

| | | |
|---|---|---|
| 1 | Mrs. ISHRAT HANIF MOTIWALA | President |
| 2 | Mr. IQBAL ISMAIL MANGROLWALA | Vice President |
| 3 | Mr. ALI MOHAMMED PIPRANI | Hon. Gen. Secretary (Till 27-2-89) |
| 4 | Mr. HANIF HAJEE AYUB | Hon. Gen. Secretary (From 27-2:89) |
| 5 | Mr. ABDUL GHANI CHAPRA | Committeeman |
| 6 | Mr. YUSUF M MEMON | ,, |
| 7 | Mr. ALI MOHD. MITHOO (Expired on 10-1-89) | ,, |
| 8 | Mr. YUSUF ABDULLAH | ,, |
| 9 | Mr. AMIN JAMAL | ,, |
| 10 | Mr ABDUL SATTAR BHANGDA | ,, |
| 11 | Mr. GHULLAM HUSSAIN HABIB | ,, |
| 12 | Mr. RAZZAK HAJI MOHAMMED | ,, |
| 13 | Mr. HANIF HAJI TAYUB | ,, |
| 14 | Mr. HAROON A. RAHIM MARFANI (Expired on 7-9-88 and Mr. YOUNUS IBRHHIM Co-opted) | ,, ,, |
| 15 | Mr. ALI MOHAMMED MAYA | ,, |
| 16 | Mr. A. AZIZ SULEMAN | ,, |